# ગોઢાણિયા મહિલા કોલેજમાં યોજાયું સફાઈ અભિયાન

## ગાંધીજીના વિચારોને લગતું નાટક પણ રજુ થયું

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

પોરબંદરમાં બીજી ઓકટોબરે ગોઢાણિયા મહિલા કોલેજમાં સફાઈ અભિયાન યોજાયું હતું તેમજ ગાંધીજીના વિચારોને લગતું નાટક પણ રજુ થયું હતું.

પોરબંદરની મહિલા ઉચ્ચ શિક્ષણ સંસ્થા ડો. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં પૂજ્ય મહાત્મા ગાંધીબાપુની ૧૪૭ મી અને ભારતના લાડીલા પૂર્વ વડાપ્રધાનશ્રી લાલબહાદુર શાસ્ત્રીની ૧૧૧ મી જન્મજયંતિની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી જેમાં આ બન્ને મહાનુભાવોને આદરપૂર્વક શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. સાથે જ 'સ્વચ્છ ભારત' કાર્યક્રમના ઉપક્રમે મહિલા કોલેજના તમામ વર્ગખંડો, એસેમ્બલી એરિયા, કોલેજ બિલ્ડીંગમાં સમાવિષ્ટ અંદર તથા બહારના બગીચાઓ, કોન્ફરન્સ રૂમ, સ્ટાફ કોમનરૂમ, તમામ ઓફિસ, ગ્રંથાલય, સેન્ટ્રલ હોલ, રમતનું મેદાન, કોલેજ ફરતેનો વિસ્તાર, કોમ્પ્યુટર લેબની સફાઈ કરવામાં આવી હતી. જેમાં મહિલા કોલેજના તમામ પ્રાધ્યાપકો, વહીવટી સ્ટાફમિત્રો તથા વિદ્યાર્થીનીઓ જોડાયા હતા. આ સ્વચ્છતા અભિયાનમાં જોડાયેલા સૌને કોલેજના પ્રિન્સીપાલ ડો. નાગર, વાઈસ પ્રિન્સીપાલ હરિભાઈ કગથરા, ટ્રસ્ટી ભરતભાઈ વિસાણા, એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડો. ગીતાબહેન ઉનડકટ તથા પ્રા. દક્ષાબેન ચોટાઈનું અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. સફાઈ કાર્યક્રમ દરમિયાન અત્યંત સુંદર રીતે સફાઈ કાર્ય કરી રહેલી ૧૦ વિદ્યાર્થીનીઓને અલગ તારવીને તેને સુંદર કામગીરી બદલ પ્રશંસા કરવામાં આવી હતી તથા હવે પછીના કાર્યક્રમમાં તેમને સર્ટીફિકેટ દ્વારા પણ સન્માનિત કરવામાં આવશે. સાથોસાથ સફાઈ કાર્યક્રમ પૂર્ણ થયા પછી એક અન્ય કાર્યક્રમનું આયોજન કરાયું હતું જેનો પ્રારંભ કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા સર્વધર્મ પ્રાર્થના કરીને કરાયો હતો. તથા કોલેજના પ્રિન્સીપાલ ડો. નાગરે પ્રાસંગિક ઉદ્દ્બોધન કર્યુ જેમાં તેમણે પૂજ્ય મહાત્મા ગાંધી તથા પૂજ્ય લાલબહાદુર શાસ્ત્રીને આદરપૂર્વક યાદ કરીને સન્માન સહિત શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી અને વિદ્યાર્થીનીઓને પોતાની આસપાસના વાતાવરણમાં સ્વચ્છતાની જાળવણી કરવા, પર્યાવરણનું જતન કરવા તથા પોતાની ખુદની તંદુરસ્તીની જાળવણી માટે યોગા અને પ્રાણાયામ કરવા માટે ભારપૂર્વક ભલામણ કરી હતી. આ પછી તરત જ મહિલા કોલેજના નાટ્યગુરૂ ચેતનભાઈ દવે દ્વારા લિખિત દિગ્દર્શિત નાટક ''જીવન આધાર'' કોલેજની વિદ્યાર્થીનીઓએ રજુ કર્યુ હતું અને છેલ્લે રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો હતો.



પોરબંદરની ગોઢાણિયા મહિલા કોલેજમાં સફાઈ અભિયાન યોજવામાં આવ્યું તેની તસ્વીર. (તસ્વીર : જિજ્ઞેષ પોપટ)

# કુતિયાણા તાલુકાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા ૪૬ ગ

પો

૭૦

---

ધીજીનાં

નીય

મહિલાઓને આર્થિક પગભર બનાવવાનો ઉદ્દેશ વિસરાયો

સવન ખુલ્લુ મૂકાયું હતું



## સ્વચ્છતા ત્યાં પ્રભુતા




પોરબંદરની ડો. વિ.આર. ગોઢાણિયા કોલેજ ખાતે ગાંધીજયંતિ પૂર્વે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરાયું હતું. કોલેજ અને આસપાસના વિસ્તારોમાં ગોઢાણિયા કોલેજની છાત્રાઓ અને શિક્ષકગણ દ્વારા સફાઈ કરાઈ હતી. સ્વચ્છતા ત્યાં પ્રભુતાના ગાંધીજીના સુત્રને સાર્થક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. • કે.કે.સામાણી

# આજે સીએમ પોરબંદરમાં, વિકાસકામોનું કરશે લોકાર્પણ

મહાત્મા ગાંધીની 147 મી જન્મજયંતિ નિમીતે કિર્તીમંદિર ખાતે યોજાનારી પ્રાર્થના

## શહેરનાં માર્ગો પર પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

પોરબંદરમાં ગાંધી જન્મજયંતિ અને વિવિધ સંકુલોના લોકાર્પણ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પોરબંદર આવી રહ્યા છે. જેથી બે દિવસ પહેલાથી જ શહેરના માર્ગો પર પૂરતો પોલીસ બંદોબસ્ત